आचार्य श्रीसिद्धसेनसूरिविरचितः

# ॥श्री वर्धमानशक्रस्तवः॥



प्रेरक : આચાર્ય શ્રી વિજય જગચ્ચન્દ્રસૂરિજી મહારાજ (ડહેલાવાળા)



# સાધો ! ભગતિ ભારી માનો...

સાધો ! ભગતિ ભારી માનો... (૨)
ભગતિ કરંતા દુઃખ દહંતા શુદ્ધાતમને જાણો. સાધો !...

જોગ ભગતિનો પામીને ભાઈ ! ભજો ભગવાન ને ભારી,
તો ભાંજે આ ભવનું ભરમણ કૂડા કરમને ટાળી. સાધો !...

આનંદઘનજી જેવા થાવું તો છાંડો બહિરાતમને,
અંતર આતમને આરાધો પામો તમે પરમાતને સાધો !...

પરનું વળગણ નાંખો કાપી કરો નમન હવે નિજને,
નહિંતર ખૂંપશો ભવકાદવમાં કુણ કાઢે આતમને સાધો !...

સેવા સરજે મેવા મુગતિનાં સરધા શુદ્ધિ રાખો,
ભગતિ કરતો ભારે મીઠો લાગે સહુને સાધો સાધો !...

મુગતિ કરતાં પણ આ ભગતિ મૂલ જ એનું મોંઘું,
જગમાં એની તોલે કો'નહીં આ સમજી લે તો સોંઘુ સાધો !...

વિણ અપેક્ષા સાધી સેવા 'બાહુ' જેવા બનજો,
અથવા 'સુબાહુ'ને પણ ગણજો સાગર ભવનો તરજો સાધો !...

અલખ અગોચર ભેટણ કાજે થઈ પાગલ તમે નાચો,
મીરાંની જેમ મારણ પણ તો અમરત જેવું થાજો સાધો !...

ભગતિ કેરા ઘોડાપૂરમાં ડુબ્યા જે જગ જીવો,
ચિદાનંદજી ને દેવચંદ્રજી જેવા ઘણું-ઘણું જીવો સાધો !...

મહિમા ભાઈ ! આ ભગતિનો વીતરાગવચને જાણો,
મોહ-માયાને મિથ્યાતમનું મૂળ બળ્યુ તો રાણો સાધો !...

સાધો ! ભગતિ ભારી માનો...

॥ સર્વવાંછિત-મોક્ષફલપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ પ.પૂ. પ્રથમક્રિયોદ્ધારક પ્રવર્તક પં.પ્રવર શ્રીસત્ય-કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ-રૂપ-અમી-સૌભાગ્ય-રત્ન-મોહન-ધર્મવિજય-સૂરેન્દ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥
॥ પ.પૂ. તપાગચ્છાધિરાજ આ.શ્રી. રામસૂરીશ્વરેભ્યો નમઃ ॥

આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિવિરચિતઃ

# ॥ શ્રી વર્ધમાનશક્રસ્તવઃ ॥

**અનુવાદક :**

**મુનિરાજશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ**

**: પ્રેરક :**

પ.પૂ. તપાગચ્છાધિરાજ, ગીતાર્થમૂર્ધન્ય આ.ભ.શ્રી વિજય **રામસૂરીશ્વરજી મહારાજા** (ડહેલાવાળા)નાં શિષ્યરત્ન પ.પૂ.આ.ભ.શ્રીમદ્વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** (ડહેલાવાળા)

**: પ્રકાશક :**

**આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**

JSBN

SURAJ0002

પુસ્તિકાનું નામ : શ્રી વર્ધમાનશક્રસ્તવઃ

કર્તા : આ.શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી મ.સા.

પ્રેરક : આ.શ્રી જગચ્ચન્દ્રસૂરિજી મ.સા. (ડહેલાવાળા)

વિ.સં. : ૨૦૭૮

નકલ : ૫૦૦ મૂલ્ય : ૫૦ રૂા.

સંવર્ધિત આવૃત્તિ : દ્વિતીય

પ્રકાશક : આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા – અમદાવાદ-સુરત.

**: શુભ નિમિત્ત :**

વિ.સં. ૨૦૭૮નાં ચાતુર્માસમાં શ્રી મંડાર જૈન સંઘ મધ્યે આયોજિત
શ્રી શક્રસ્તવ મહાઅભિષેક, શ્રા.વ.૧૦, તા. ૨૧-૮-૨૦૨૨, રવિવાર

**પ્રાપ્તિસ્થાન :**

**આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**
૧૨, શ્રેયાંશનાથ સોસાયટી, ધરણીધર દેરાસર પાછળ,
ગોદાવરી રોડ, વાસણા, અમદાવાદ.
મો. ૯૫૧૨૨૩૪૩૧૧

**શ્રી મંડાર જૈન સંઘ પેઢી**
જૈન દેરાસરની સામે, મુ.પો. મંડાર,
તા. રેવદર, જિ. સિરોહી (રાજ.)
પીન - ૩૦૭૫૧૩

મુદ્રક : કિરીટ ગ્રાફીક્સ - અમદાવાદ. મો. ૯૮૯૮૪૯૦૦૯૧, ૯૪૦૯૩૪૨૬૦૧

# સમર્પણ

પ.પૂ. પરમોપકારી, નિસ્પૃહશીલ, મીતભાષી, 'સૂરિરામ' આજીવન અંતેવાસી,
ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** (ડહેલાવાળા)ના
પાવન કરકમળમાં...!

# શ્રુત લાભાર્થી

આ પુસ્તિકાનો લાભ

**શ્રી મંડાર જૈન સંઘે** સંપ્રાપ્ત કર્યો છે

તે બદલ તેઓની ભૂરિ ભૂરિ અનુમોદના

# વિધિ

સૌ પ્રથમ શક્ય હોય તો પંચતીર્થી સ્થાપન કરી સ્નાત્ર ભણાવવું અને ત્યાર બાદ શક્રસ્તવ અભિષેકનો પ્રારંભ કરવો. જેમાં દશ અભિષેકમાં વિવિધ જળો અને ઔષધિઓ લેવી તેમજ અગ્યારમાં અભિષેક સમયે વિવિધ વર્ણનાં પુષ્પો દ્વારા વૃષ્ટિ કરવી.

શક્રસ્તવના આલાવા ૧ વાર, ૩ વાર કે ૫ વાર ભાવના કે સંયોગો પ્રમાણે બોલી શકાય છે. શક્રસ્તવના પ્રારંભમાં આત્મરક્ષા કરાવવી. માંડલામાં વિવિધ ફળ, નૈવેદ્ય શક્તિ ભાવનાનુસાર ગોઠવી શકાય.

અંતે શુદ્ધ જળથી શુદ્ધિકરી અષ્ટપ્રકારી પૂજા, આરતી, મંગળદીવો, શાંતિકળશ, ચૈત્યવંદનાદિ કરી સમાપ્તિ કરવી.

# શ્રી આત્મરક્ષા મંત્ર

## (શ્રી વજ્રપંજર સ્તોત્ર)

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ । આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહમ્ ॥ ૧ ॥

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ । ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥ ૨ ॥

ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની । ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢમ્ ॥ ૩ ॥

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે । એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥ ૪ ॥

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ । મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર-ખાતિકા ॥ ૫ ॥

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલમ્ । વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ॥ ૬ ॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની । પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥ ૭ ॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા । તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥ ૮ ॥

॥ नमो नमः श्री गुरु रामसूरये ॥

आ. शु. २/२०२८
कुवाला

नमो अरिहंताणं । नमो सिद्धाणं
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ।
एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥१॥
॥ इति श्री नमस्कार महामंत्रः ॥

નુ. જગચ્ચન્દ્રવિજય.

आचार्य श्रीसिद्धसेनसूरिविरचितः

# ॥ श्रीवर्धमानशक्रस्तवः ॥

ॐ नमोऽर्हते भगवते परमात्मने परमज्योतिषे परमपरमेष्ठिने परमवेधसे परमयोगिने परमेश्वराय तमसःपरस्तात् सदोदितादित्यवर्णाय समूलोन्मूलितानादि-सकलक्लेशाय ॥१॥

૧. પરંજ્યોતિ, પરમેષ્ઠિઓમાં પરમ, પરમયોગી, પરમેશ્વર, તમસ્-મોહથી પર, સદા ઉદયવાળા સૂર્ય સમાન તેજસ્વી, સર્વ ક્લેશોનો મૂળથી નાશ કરનાર હે અરિહંત પરમાત્મા! તમને મારા અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते भूर्भुवःस्वस्त्रयीनाथमौलि-मन्दारमालार्चितक्रमाय सकल-पुरुषार्थयोनिनिरवद्यविद्याप्रवर्तनैकवीराय नमःस्वस्तिस्वधास्वाहावष-डर्थैकान्त-शान्तमूर्त्तये भवद्भाविभूतभावाव-भासिने कालपाशनाशिने सत्त्वरजस्तमो-गुणातीताय अनन्तगुणाय वाङ्मनोऽगोचरचरित्राय पवित्राय करणकारणाय तरणतारणाय सात्त्विकदैवताय तात्त्विकजीविताय निर्ग्रन्थपरमब्रह्महृदयाय योगीन्द्रप्राणनाथाय त्रिभुवनभव्यकुल-नित्योत्सवाय विज्ञानानन्दपरब्रह्मैकात्म्य-सात्म्यसमाधये हरिहरहिरण्यगर्भादि-देवतापरिकलितस्वरूपाय सम्यक्श्रद्धेयाय सम्यग्ध्येयाय सम्यक्शरण्याय सुसमाहितसम्यक्स्पृहणी-याय ॥२॥

૨. બીજા આલાપક છંદ વડે કવિ સર્વ ધર્મોના મહાન શબ્દો વડે પરમાત્માને સ્તવી રહેલા છે.

પૃથ્વી, પાતાલ અને સ્વર્ગના સ્વામી, ઈંદ્રોના મસ્તકે શોભતા મણિ-મુકુટોમાં ખચિત કલ્પવૃક્ષના પુષ્પોની માળાઓ વડે અર્ચિત ચરણયુગલવાળા,

સર્વ પુરુષાર્થોનું આદિ કારણ, નિષ્પાપ ધર્મવિદ્યાને પ્રવર્તાવવામાં નિપુણ, સર્વ બહુમાન વાચક, નમસ, સ્વસ્તિ, સ્વધા, સ્વાહા, વષટ્ વગેરે શબ્દો વડે સ્તવવા યોગ્ય અત્યંત શાંત આકૃતિવાળા, વર્તમાન-ભૂત-ભવિષ્યના સર્વ ભાવોના પ્રકાશક, કાલ-મૃત્યુના પાશનો નાશ કરનાર, સત્ત્વ રજસ્-તમો ગુણોથી પર-ગુણાતીત, અનંતગુણસંપન્ન, વાણી અને મનથી અગમ્ય ચરિત્રવાળા, પવિત્ર, કરનાર-કરાવનાર, તરનાર-તારનાર, સાત્ત્વિક દેવતારૂપ, તાત્ત્વિક જીવનરૂપ, સર્વ ગ્રંથીઓથી પર એવા પરંબ્રહ્મના રહસ્યસ્વરૂપ, યોગીન્દ્રોના પ્રાણનાથ, ત્રણે જગતના ભવ્ય જીવસમૂહો માટે નિત્ય મહોત્સવ, વિજ્ઞાન-આનંદમય પરંબ્રહ્મની સાથે એકાત્મ્ય સાત્મ્ય સમાધિને પામેલા, હરિ(વિષ્ણુ), હર(મહાદેવ), હિરણ્યગર્ભ(બ્રહ્મા) વગેરે દેવતાઓના સર્વ મહાન રૂપો જેમાં સમાઈ જાય એવા સ્વરૂપવાળા, સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્ય, સારી રીતે ધ્યાન કરવા યોગ્ય, સારી રીતે શરણ કરવા યોગ્ય, સારી રીતે સમાધિને પ્રાપ્ત એવા યોગીઓ માટે ઝંખના યોગ્ય સ્વરૂપવાળા હે અરિહંત પરમાત્મા તમને મારા અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते भगवते आदिकराय तीर्थङ्कराय स्वयंसम्बुद्धाय पुरुषोत्तमाय पुरुषसिंहाय पुरुषवरपुण्डरीकाय पुरुषवरगन्धहस्तिने लोकोत्तमाय लोकनाथाय लोकहिताय लोकप्रदीपाय लोकप्रद्योतकारिणे अभयदाय दृष्टिदाय मुक्तिदाय मार्गदाय बोधिदाय जीवदाय शरणदाय धर्मदाय धर्मदेशकाय धर्मनायकाय धर्मसारथये धर्मवरचातुरन्तचक्रवर्तिने व्यावृत्तच्छद्मने अप्रतिहतसम्यग्ज्ञानदर्शन-सद्मने ॥३।

૩. ત્રીજા અને ચોથા આલાપક વડે નનમુત્થુણં સ્તવથના મહાન આગમિક શબ્દો વડે કવિ **અરિહંત** પરમાત્માને સ્તવી રહેલા છે.

ધર્મની આદિને કરનાર, તીર્થને પ્રવર્તાવનારા, સ્વયં પ્રતિબોધને પામેલા, પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહસમાન પરાક્રમી, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક-કમલસમાન નિર્લેપ; પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકનું હિત કરનારા, લોકમાં પ્રદીપસમાન પ્રકાશક, લોકમાં સૂર્યસમાન

પ્રકાશને કરનારા, અભયદાતા, સમ્યગદષ્ટિદાતા, મોક્ષદાતા, માર્ગદાતા, બોધિદાતા, પ્રાણદાતા, શરણદાતા, ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મનાયક, ધર્મરથના સારથિ, દિગન્તવ્યાપી ધર્મસામ્રાજ્યના શ્રેષ્ઠ ચક્રવર્તી, અજ્ઞાનતાથી પર, અબાધિત સમ્યગ્જ્ઞાનદર્શનના ધામ હે અરિહંત પરમાત્મા તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते जिनाय जापकाय तीर्णाय तारकाय बुद्धाय बोधकाय मुक्ताय मोचकाय त्रिकालविदे पारङ्गताय कर्माष्टकनिषूदनाय अधीश्वराय शम्भवे जगत्प्रभवे स्वयम्भुवे जिनेश्वराय स्याद्वादवादिने सार्वाय सर्वज्ञाय सर्वदर्शिने सर्वतीर्थोपनिषदे सर्वपाष[ख]ण्डमोचिने सर्वयज्ञफलात्मने सर्वज्ञकलात्मने सर्वयोगरहस्याय केवलिने देवाधिदेवाय वीतरागाय ॥४॥

૪. પોતે જીતી ગયેલા-બીજાને જીતાડનારા, પોતે તરી ગયેલા-બીજાને તારનાર, પોતે બુદ્ધ-બીજાને બોધ આપનારા, પોતે મુક્ત - બીજાને મુક્ત કરનારા, ત્રણે કાળના જ્ઞાતા, સંસારના પારને પામેલા, અષ્ટકર્મના સંહારક, પરમ ઈશ્વર, શંભુ-કલ્યાણને કરનારા, જગતના સ્વામી, સ્વયંભૂ જિનેશ્વર, સ્યાદ્વાદના પ્રવર્તક, સાર્વ-સર્વના હિતકર, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ તીર્થો-સર્વ ધર્મના મહાન ઉપનિષદ્-રહસ્ય, સર્વ પાખંડને દૂર કરનારા, સર્વ યજ્ઞોના ફળરૂપ, સર્વ કલાઓના જ્ઞાતા, સર્વ યોગસાધનાઓના રહસ્ય, કેવલી, દેવાધિદેવ, વીતરાગ હે અરિહંત પરમાત્મા તમને મારા અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते परमात्मने परमाप्ताय परमकारुणिकाय सुगताय तथागताय महाहंसाय हंसराजाय महासत्त्वाय महाशिवाय महाबोधाय महामैत्राय सुनिश्चिताय विगतद्वन्द्वाय गुणाब्धये लोकनाथाय जितमारबलाय ॥५॥

૫. પાંચમા આલાપક વડે બૌદ્ધ ધર્મના મહાન પ્રાર્થનાપદો વડે પરમાત્માને કવિ સ્તવે છે. તેમાં અર્થ તો જિનેંદ્ર-પરમાત્માને જ લાગુ પડે છે.

પરમ આપ્ત (પરમ સ્વજન), પરમ કારુણિક, સુગત, તથાગત, મહાહંસ, હંસરાજ, મહાસત્ત્વ, મહાશિવ, મહાબોધ, મહામૈત્ર, સુનિશ્ચિત, દ્વંદ્વરહિત, ગુણસમુદ્ર, લોકનાથ, જિતમાર (જિત મોહ) હે અરિહંત પરમાત્મા તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते सनातनाय उत्तमश्लोकाय मुकुन्दाय गोविन्दाय विष्णवे जिष्णवे अनन्ताय अच्युताय श्रीपतये विश्वरूपाय हृषीकेशाय जगन्नाथाय भूर्भुवःस्वःसमुत्ताराय मानंजराय कालंजराय ध्रुवाय अजाय अजेयाय अजराय अचलाय अव्ययाय विभवे अचिन्त्याय असंख्येयाय आदिसंख्याय आदिकेशवाय आदिशिवाय महाब्रह्मणे परमशिवाय एकानेकान्तस्वरूपिणे भावाभावविवर्जिताय अस्तिनास्तिद्वयातीताय पुण्यपापविरहिताय सुखदुःख-विविक्ताय व्यक्ताव्यक्तस्वरूपाय अनादिमध्यनिधनाय नमोऽस्तु (ते) मुक्तीश्वराय मुक्तिस्वरूपाय ॥६॥

૬. હિંદુ ધર્મના મહાન સ્તુતિપદો વડે અરિહંત પરમાત્માને કવિ સ્તવે છે. આ બધા સંસ્કૃત પદોના અનેક અર્થો હોવાથી તે અનેક રીતે શ્રી જિનેંદ્ર પરમાત્માને લાગુ પડે છે.

સનાતન, ઉત્તમ કીર્તિવાળા, મુકુંદ, ગોવિંદ, વિષ્ણુ, જીતનારા, અનંત, અચ્યુત, શ્રીપતિ, હૃષીકેશ-ઈંદ્રિય વિજેતા, જગન્નાથ, પૃથ્વી-પાતાલ-સ્વર્ગના લોકોને સારી રીતે તારનારા, માનનો ક્ષય કરનારા, કાલનો ક્ષય કરનારા, ધ્રુવ, અજય, અજેય, અજર, અચલ, અવ્યય-અવિનાશી, વિભુ, અચિંત્ય-મનથી પર, સંખ્યાથી ન ગણી શકાય તેટલા ગુણોવાળા, આદિસંખ્ય, આદિકેશવ, આદિશિવ, મહાબ્રહ્મા, પરમશિવ, એક-અનેક-અનંત રૂપવાળા, ભાવ-અભાવથી પર-નિર્ગુણ, અસ્તિ-નાસ્તિ વગેરે દ્વંદ્વોથી પર, સુખ-દુઃખથી પર, વ્યક્ત-સાકાર અને અવ્યક્ત-નિરાકાર રૂપવાળા આદિ-મધ્ય-અંત વિનાના, મુક્તિના ઈશ્વર-સ્વામી, મુક્તિ સ્વરૂપ હે અરિહંત પરમાત્મા તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો!

ॐ नमोऽर्हते निरातङ्काय निःसङ्गाय निःशङ्काय निर्मलाय निर्द्वन्द्वाय निस्तरङ्गाय निरूर्मये निरामयाय निष्कलङ्काय परमदैवताय सदाशिवाय महादेवाय शङ्कराय महेश्वराय महाव्रतिने महायोगिने महात्मने पञ्चमुखाय मृत्युञ्जयाय अष्टमूर्त्तये भूतनाथाय जगदानन्दाय जगत्पितामहाय जगद्देवाधिदेवाय जगदीश्वराय जगदादिकन्दाय जगद्भास्वते जगत्कर्मसाक्षिणे जगच्चक्षुषे त्रयीतनवे अमृतकराय शीतकराय ज्योतिश्चक्रचक्रिणे महाज्योतिर्द्योतिताय महातमःपारे-सुप्रतिष्ठिताय स्वयंकर्त्रे स्वयंहर्त्रे स्वयंपालकाय आत्मेश्वराय नमो विश्वात्मने ॥७॥

૭. સાતમા આલાપક વડે શૈવ દર્શનના મહાપદો વડે કવિ સ્તવે છે :

આતંક-પીડાથી રહિત, નિઃસંગ, શંકાથી રહિત, નિર્મલ, દ્વંદ્વથી રહિત, તરંગો-વિકલ્પોથી રહિત, ઊર્મિઓ-ખળભળાટથી રહિત-પ્રશાંત, રોગ રહિત, કલંકથી રહિત, દેવતાઓમાં પરમ, સદાશિવ, મહાદેવ, શંકર-કલ્યાણને કરનાર, મહેશ્વર, મહાવ્રતી, મહાયોગી, મહાત્મા, જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યરૂપ પાંચ

મુખવાળા, મૃત્યુંજય, અષ્ટમૂર્ત્તિ-સિદ્ધના આઠ ગુણોવાળા, પ્રાણીઓના નાથ, જગતને આનંદ આપનારા, જગતના પિતામહ, જગતના દેવાધિદેવ, જગદીશ્વર, જગતના આદિ કંદ-ગુણમય જગતની આદિ કરનારા, જગત્-પ્રકાશ સૂર્ય, સર્વ જીવોના કર્મના સાક્ષી-જ્ઞાતા, જગતના ચક્ષુ, જ્ઞાનદર્શનચારિત્રરૂપ ત્રણ શરીરવાળા, અમૃતને કરનારા, સંસારના દાહથી જીવને શીતલ કરનારા, જ્યોતિઓના ચક્રના ચક્રવર્ત્તિ-અનેક જ્ઞાનજ્યોતિઓના સ્વામી, મહાન જ્યોતિરૂપ કેવલજ્ઞાનથી પ્રકાશતા, મહાતમસ્-મહામોહથી પર, સ્થાનમાં - મોક્ષ સ્થાનમાં સુપ્રતિષ્ઠિત, સ્વયં કર્તા, સ્વયં પાલક, આત્મેશ્વર હે અરિહંત પરમાત્મા તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते सर्वदेवमयाय सर्वध्यानमयाय सर्वज्ञानमयाय सर्व-तेजोमयाय सर्वमंत्रमयाय सर्वरहस्यमयाय सर्वभावाभावजीवाजी-वेश्वराय अरहस्यरहस्याय अस्पृहस्पृहणीयाय अचिन्त्यचिन्तनीयाय अकामकामधेनवे असङ्कल्पितकल्पद्रुमाय अचिन्त्यचिन्तामणये चतुर्दशरज्ज्वात्मक-जीवलोक-चूडामणये चतुरशीतिलक्षजीव-योनिप्राणिनाथाय पुरुषार्थनाथाय परमार्थ-नाथाय अनाथनाथाय जीवनाथाय देवदानवमानवसिद्ध-सेनाधिनाथाय ॥८॥

૮. સર્વ દર્શનોને માન્ય એવા ભક્તિપદો વડે સ્તવે છે :

સર્વદેવમય, સર્વધ્યાનમય, સર્વજ્ઞાનમય, સર્વતેજોમય, સર્વમંત્રમય, સર્વ રહસ્યમય, સર્વ ભાવો-અભાવો-જીવો-અજીવોના ઈશ્વર, જેઓને કોઈ રહસ્ય (ગુપ્ત) રહ્યું નથી એવા યોગીઓ માટે પણ રહસ્યમય, જેઓને કોઈ સ્પૃહા નથી એવા મહાત્માઓની પણ ઝંખનાના ધામ, જેઓને કાંઈ ચિંતવવા જેવું રહ્યું નથી એવા ધ્યાતાઓને પણ ચિંતવવા યોગ્ય, પોતે કામનાથી રહિત હોવા છતાં

બીજાઓ માટે કામધેનુ સમાન, સંકલ્પ કર્યા વગર જ કલ્પવૃક્ષ સમાન ફળનારા– વગર માંગે આપનારા, ચિંતન વગર જ ચિંતામણીની જેમ ફળનારા, ઈચ્છા ન હોય તો પણ ચિંતામણીની જેમ આપનારા, ચૌદ રાજ રૂપ જીવલોકના ચૂડામણી, ચોરાશી લાખ જીવયોનિના પ્રાણીઓના નાથ, પુરુષાર્થના નાથ, પરમાર્થના નાથ, અનાથના નાથ, જીવોના નાથ, દેવો–દાનવો–માનવો સિદ્ધોના સમૂહના અને **મારા સિદ્ધસેન** કવિના સર્વશ્રેષ્ઠ નાથ તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते निरञ्जनाय अनन्तकल्याणनिकेतन-कीर्तनाय सुगृहीतनाम-धेयाय ( महिमामयाय ) धीरोदात्तधीरोद्धतधीर-शान्तधीरललितपुरुषो-त्तमपुण्य श्लोक-शतसहस्त्रलक्षकोटि-वन्दितपादारविन्दाय सर्वगताय ॥९॥

૯. નવમા આલાપક વડે સર્વ ઉત્તમ પુરુષો વડે પરમાત્મા કીર્ત્તનીય સ્મરણીય અને વંદનીય છે, તે બતાવે છે.

નિરંજન, અનંત કલ્યાણના ધામ હોવાથી કીર્ત્તનીય, સારી રીતે નામસ્મરણ કરવા યોગ્ય, મહિમામય, ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરશાન્ત, ધીરલલિત વગેરે ગુણવાન પુરુષોમાં ઉત્તમ અને પવિત્ર કીર્ત્તિને પામેલા એવા સેંકડો, હજારો, લાખો, કરોડો મહાપુરુષો વડે જેમના ચરણારવિંદ વંદિત છે એવા સર્વવ્યાપી હે અરિહંત પરમાત્મા તમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते सर्वसमर्थाय सर्वप्रदाय सर्वहिताय सर्वाधिनाथाय कस्मैचन क्षेत्राय पात्राय तीर्थाय पावनाय पवित्राय अनुत्तराय उत्तराय योगाचार्याय संप्रक्षालनाय प्रवराय आग्रेयाय वाचस्पतये माङ्गल्याय सर्वात्मनीनाय सर्वार्थाय अमृताय सदोदिताय ब्रह्मचारिणे तायिने दक्षिणीयाय निर्विकाराय वज्रर्षभनाराचमूर्त्तये तत्त्वदर्शिने पारदर्शिने परमदर्शिने निरुपम-ज्ञान-बल-वीर्यतेजः-शक्त्यैश्वर्यमयाय आदिपुरुषाय आदिपरमेष्ठिने आदिमहेशाय महाज्योतिः स( स्त )- त्त्वाय महार्चिर्धनेश्वराय महामोहसंहारिणे

૧૦. દશમા આલાપક વડે કવિરાજ પરમાત્માના મહાન સર્વસમર્થરૂપને શ્રી મહાવીરસ્વામીના નામ સહિત સ્તવે છે.

સર્વ સમર્થ, સર્વ ઈષ્ટને આપનારા, સર્વહિતકર, સર્વના શ્રેષ્ઠ નાથ, કોઈક મહાન ક્ષેત્ર-પાત્ર-તીર્થસ્વરૂપ, પાવન, પવિત્ર, અનુત્તર, ઉત્તર, યોગાચાર્ય, જીવોને શુદ્ધ કરનારા, પ્રવર, અગ્રીમ, વાચસ્પતિ, માંગલ્યસ્વરૂપ, સૌના પરમ અર્થરૂપ,

महासत्त्वाय महाज्ञामहेन्द्राय महालयाय महाशान्ताय महायोगीन्द्राय अयोगिने महामहीयसे महाहंसाय हंसराजाय महासिद्धाय शिवमचलमरुजमनन्त-मक्षयमव्याबाधमपुनरावृत्ति महानन्दं महोदयं सर्वदुःखक्षयं कैवल्यं अमृतं निर्वाणमक्षरं परब्रह्म निःश्रेयसमपुनर्भवं सिद्धिगतिनामधेयं स्थानं संप्राप्तवते चराचरं अवते नमोऽस्तु श्रीमहावीराय त्रिजगत्स्वामिने श्रीवर्धमानाय ॥१०॥

અમૃતમય, સદા ઉદિત, બ્રહ્મચારી, સૌનું રક્ષણ કરનારા, સૌને અનુકૂલ, નિર્વિકાર, વજ્ર-ઋષભ-નારાચ સંઘયણવાળા, તત્ત્વદર્શી, પારદર્શી, પરમદર્શી, નિરુપમ જ્ઞાનમય, નિરુપમ બલમય, નિરુપમ વીર્યમય, નિરુપમ તેજોમય, નિરુપમ શક્તિમય, નિરુપમ ઐશ્વર્યમય, આદિપુરુષ, આદિપરમેષ્ઠિ, આદિમહેશ, મહાન જ્યોતિરૂપ, મહાન તત્ત્વરૂપ, મહાન ધનના સ્વામી, મહામોહના સંહાર કરનારા, મહાસત્ત્વ, મહાન આજ્ઞાવાળા હોવાથી મહાન ઈન્દ્રરૂપ, મહાન આલયવાળા, મહાશાન્ત, મહાયોગીંદ્ર, અયોગી, મહાહંસ, હંસરાજ, મહાસિદ્ધ, શિવ-અચલ-

અરોગ-અનંત-અક્ષય-બાધારહિત-અપુનર્જન્મ મહાનંદ મહોદય, સર્વદુઃખરહિત, કૈવલ્ય-અમૃત-નિર્વાણ-અક્ષર-પરબ્રહ્મ-નિઃશ્રેયસ-અપુનર્ભવ એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલ, ચરાચરના રક્ષક, ત્રણ જગતના સ્વામી હે વર્ધમાન મહાવીર અરિહંત પરમાત્મા તમને મારા અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો.

ॐ नमोऽर्हते केवलिने परमयोगिने ( भक्तिमार्ग-योगिने ) विशालशासनाय सर्वलब्धिसम्पन्नाय निर्विकल्पाय कल्पनातीताय कलाकलापकलिताय विस्फुरदुरुशुक्लध्यानाग्नि-निर्दग्धकर्मबीजाय प्राप्तानन्तचतुष्टयाय सौम्याय शान्ताय मङ्गलवरदाय अष्टादशदोषरहिताय संसृतविश्वसमीहिताय स्वाहा ॥११॥

**૧૧. અગિયારમા આલાપક વડે પરમાત્માના મહામંગલરૂપને સ્તવે છે.**

કેવલી, પરમયોગી, ભક્તિમાર્ગયોગી, વિશાલ શાસનવાળા, સર્વલબ્ધિસંપન્ન, નિર્વિકલ્પ, કલ્પનાતીત, કલાઓના સમૂહોથી મનોહર, વિશેષ રીતે સ્ફુરાયમાન મહાન શુક્લધ્યાન રૂપ અગ્નિ વડે કર્મબીજોને સંપૂર્ણ રીતે બાળી નાખનારા, અનંત ચતુષ્ટયને વરેલા, સૌમ્ય, શાંત, મંગલ, અને ઈષ્ટ વસ્તુને આપનારા, અઢાર દોષોથી રહિત, સર્વ વિશ્વના સમીહિત (ઈષ્ટ)ને પૂરનારા, હે અરિહંત પરમાત્મા તમને મારા ભાવપૂર્વક નમસ્કાર હો.

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः

(આ મન્ત્ર પ.પૂ.તપાગચ્છાધિરાજ, આ.ભ.શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા ડહેલાવાળાનાં હસ્તાક્ષરોમાં લખાયેલ છે. વિ.સં. ૨૦૫૫)

**लोकोत्तमो निष्प्रतिमस्त्वमेव, त्वं शाश्वतं मङ्गलमप्यधीश!**
**त्वामेकमर्हन् ! शरणं प्रपद्ये, सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥१॥**

**त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।**
**प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥ २ ॥**

**૧. હે અરિહંત પરમાત્મા! તમે જ લોકમાં ઉત્તમ છો, તમે જ નિરુપમ છો, હે સ્વામી! શાશ્વતમંગલ પણ તમે જ છો. હું તમારા એકના જ શરણે છું. તમે જ મારા સિદ્ધ છો, ગુરુ છો અને તમે જ મારા ધર્મ છો.**

**૨. તમે જ મારી પરમ માતા, તમે જ મારા પરમ પિતા-નેતા-દેવ-ધર્મ-ગુરુ છો. તમે જ મારા પ્રાણ-સ્વર્ગ-મોક્ષ-સત્ત્વ-તત્ત્વ-ગતિ-મતિ છો.**

जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ॥ ३ ॥

यत्किञ्चित् कुर्महे देव !, सदा सुकृतदुष्कृतम् ।
तन्मे निजपदस्थस्य, हुं क्षः क्षपय त्वं जिन ! ॥ ४ ॥

૩. જગતમાં જિન પરમાત્મા જ દાતા છે, તે જ ભોક્તા છે. જે જિન છે, તે જ આ આખું જગત છે. જિન સર્વત્ર જય પામે છે, જે જિન છે તે હું જ છું.

૪. હે દેવ! અમે જે કાંઈ પુણ્ય પાપ કરીએ છીએ, તેનો તમે ક્ષય કરો કારણ કે અમે તમારા ચરણોમાં છીએ.

गुह्यातिगुह्यगोप्ता त्वं, गृहाणास्मत्कृतं जपम् ।
सिद्धिः श्रयति मां येन, त्वत्प्रासादात्त्वयि स्थितम् ।।५।।

इति श्रीवर्धमानजिननाममन्त्रस्तोत्रं समाप्तम् ।
प्रतिष्ठायां शान्तिविधौ पठितं महासुखाय स्यात् ।

૫. તમે જ ગુહ્ય કરતાં પણ અતિગુહ્ય રક્ષક છો. અમે તમારી કૃપાથી તમારામાં રહ્યા છીએ. તમે એવી રીતે અમારા આ શકસ્તવ પાઠને સ્વીકાર કરો કે જેથી સિદ્ધિ અમારી પાસે આવે.

આ રીતે આ શ્રી વર્ધમાનજિન નામ મન્ત્રસ્તોત્ર પૂરું થયું. આનો પાઠ પ્રતિષ્ઠામાં કે શાંતિ-અનુષ્ઠાનમાં કરવાથી મહાન સુખ થાય છે.

१. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां चराचरेऽपि ( जीवलोके ), सद्वस्तु तन्नास्ति यत्करतलप्रणयि न भवतीति । किं च–

૧. આ રીતે પૂર્વે કહેલ અગિઆર આલાવા તે અગિઆર મહામંત્રો છે, એ મહામંત્રોથી ગર્ભિત આ શક્રસ્તવ,આઠ મહાસિદ્ધિઓને આપનારું, સર્વ પાપ નિવારક, સર્વ પુણ્યનું કારણ, સર્વ દોષને દૂર કરનારું, સર્વ ગુણોને કરનારું, મહાન પ્રભાવવાળું, અનેક સેંકડો, હજારો ભદ્રિક સમ્યક્દૃષ્ટિ દેવતાઓ વડે સેવાએલું, ગયા જન્મોમાં કરેલા અસંખ્ય પુણ્યોથી પ્રાપ્ત થતું મહાન સ્તવ છે.

તેનો જાપ કરનારા, પાઠ કરનારા, ગુણન કરનારા, શ્રવણ કરનારા, સારી રીતે ચિંતન કરનારા, ભવ્ય જીવો માટે આ ચરાચર વિશ્વમાં એવી કોઈ ઈષ્ટ વસ્તુ નથી કે જે પોતાની મેળે જ તેઓના હાથમાં ન આવે.

२. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां भवनपतिव्यन्तरज्योतिष्कवैमानिकवासिनो देवाः सदा प्रसीदन्ति । व्याधयो विलीयन्ते ।

૨. આ શક્રસ્તવના જપ વગેરેથી ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક દેવતાઓ પ્રસન્ન થાય છે, વ્યાધિઓ વિલીન થાય છે.

३. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां पृथिव्यप्तेजोवायुगगनानि भवन्त्यनुकूलानि ।

૩. પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશરૂપ પાંચ મહાભૂતો અનુકૂલ થાય છે.

४. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां सर्वसम्पदां मूलं जायते जिनानुरागः ।

૪. સર્વ સંપત્તિઓની પ્રાપ્તિના મૂળ કારણરૂપ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ વધે છે.

५. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां साधवः सौमनस्येनाऽनुग्रहपरा जायन्ते ।

૫. સાધુ મહાત્માઓ એમના પવિત્ર મન વડે અનુગ્રહ કરનારા બને છે.

६. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां खलाः क्षीयन्ते ।

६. દુશ્મનો ક્ષીણ થાય છે.

७. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानांभव्यजीवानां जल-स्थल-गगनचराः क्रूरजन्तवोऽपि मैत्रीमया जायन्ते ।

૭. ભૂમિ પર પાણીમાં અને આકાશમાં રહેનારાં, ક્રૂર પ્રાણીઓ પણ મૈત્રીવાળાં થાય છે.

८. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्‌गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानांभव्यजीवानां अधमवस्तून्यपि उत्तमवस्तुभावं प्रपद्यन्ते ।

૮. અધમ વસ્તુઓ–ઝેર વગેરે પણ ઉત્તમ વસ્તુરૂપે–અમૃતરૂપે થઈ જાય છે.

९. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवैकादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां, भव्यजीवानां धर्मार्थकामा गुणाभिरामा जायन्ते ।

૯. ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થો ગુણસંપન્ન બને છે.

१०.इतीमं,पूर्वोक्तमिन्द्रस्तवै-कादशमन्त्रराजोपनिषद्गर्भं,अष्टमहासिद्धिप्रदं, सर्वपाप-निवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानां भव्यजीवानां ऐहिक्यः सर्वा अपि शुद्धगोत्रकलत्र-पुत्र-मित्र-धन-धान्य-जीवित-यौवन-रूपाऽऽरोग्य-यशःपुरस्सराः सर्वजनानां सम्पदः परभागजीवितशालिन्यः सदुदर्काः सुसंमुखी भवन्ति । किं बहुना ?

૧૦. આ લોકની સર્વ સુંદર ગોત્ર-પત્ની-પુત્ર-ધન-ધાન્ય-જીવિત-યૌવન-રૂપ-આરોગ્ય, યશ વગેરે સર્વ સંપત્તિઓ પરાકાષ્ઠાને પ્રાપ્ત થઈ મહાન ભાગ્યોદય સાથે સામે આવે છે.

११. इतीमं, पूर्वोक्तमिन्द्रस्तवै-कादशमन्त्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेकसम्यग्दृष्टिभद्रकदेवताशतसहस्त्रशुश्रूषितं, भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं, सम्यग् जपतां पठतां गुणयतां शृण्वतां समनुप्रेक्षमाणानांभव्यजीवानां आमुष्मिक्यः सर्वमहिमास्वर्गापवर्गश्रियोऽपि क्रमेण यथेष्टं( च्छं )स्वयं स्वयंवरणोत्सवसमुत्सुकाः भवन्तीति । सिद्धिः ( सिद्धिदः ) श्रेयः समुदयः ।

यथेन्द्रेण प्रसन्नेन, समादिष्टोऽर्हतां स्तवः । तथाऽयं सिद्धसेनेन, प्रपेदे सम्पदां पदम् ॥१॥

૧૧. વધુ શું કહીએ- પરલૌકિક સ્વર્ગ અને મોક્ષની સર્વમહિમા વાળી સંપત્તિઓ પણ અનુક્રમે પોતાની મેળે જ આરાધકને વરવા માટે સારી રીતે ઉત્સુક થાય છે.

આ રીતે સર્વ શ્રેય - સમુદાય જીવને સિદ્ધ થાય છે.અંતમાં મહાકવિ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે કે-પ્રસન્ન થયેલા ઈંદ્રે જે રીતે મને સર્વ સંપત્તિઓના ઉદ્ગમ સ્થાનરૂપ આ શક્રસ્તવ કહ્યું, તેવી રીતે મેં - સિદ્ધસેને અહીં રજૂ કર્યું છે.

અરિહંત પરમાત્માના સ્વરૂપને સમજાવવા માટે મહર્ષિ સિદ્ધસેન દિવાકરે અર્થ ગૌરવ અને ભાવમાધુર્યની જાણે કે આ સ્તવનામાં અવધિ ન કરી હોય તેવું જણાય છે. છતાં અચિન્ત્ય એવા પરમાત્મા તો શબ્દોથી પર જ છે.

# સાધો ! નિજ મોજમાં રહેવું.



સાધો ! નિજ મોજમાં રહેવું... (૨) ક્યાંય કદી ના બાખડવું સાધો !...
ઈર્ષ્યા - અહમ્‌નાં કીચડ માંહી કોરા રહીને સહેવું,
વૈર - વિરોધનાં વળગળ છાંડી વહાલપ ને સંઘરવું. સાધો...!...

સહુને સાચા માની મનમાં મેળ સધો માયાળું,
કરમનાં કાઠા એ સહુ જીવડા અંદરથી તો દયાળુ. સાધો...!...

નાના નાના તણખા ટાણે જળબંબો ના આવે,
એવે સમેં બે બોલ મધુરા મીઠા મુજ ને ભાવે. સાધો...!...

પરચિંતા ને પરનિન્દા તો પરભવમાં પણ બાળે,
પિશુનતા નાં પાપ ને ડાહ્યો દૂર થકી વોળાવે. સાધો...!...

સહુને શાતા આપો દિલથી ગુણલા સહુનાં ગાવો,
દોષ પોતાના દઈ દેખાડી સાચો કરો પસ્તાવો. સાધો...!...

સાધો ! નિજ મોજમાં રહેવું...



# સાધો ! સદ્‌ગુરુ છાંયે રહેજો...

સાધો ! સદ્‌ગુરુ છાંયે રહેજો... (૨)

‘ગોયમ’ જેવા બનવા મથજો ગુરુ માટે ટળવળજો,
પણ ‘ગોશાળા’ સમ થઈ જગમાં નામ તમારું ન બૂડજો. સાધો !...

નાની અમથી વાતો એ વટકી વાંકું કાઢે ઝટમાં,
દોષ જુએ ગુરુનાં જે જલ્દી તે જાણો જડ જગમા. સાધો !...

વાછરડું જિમ ધાવે ‘ગૌ’ને તિમ વહેજો ગુરુગણને,
વહાલપ વરસે ગુરુ વાદળથી તે ઝીલજો મન દઈને. સાધો !...

‘દત્ત’ સાધુની વાતો વાંચી સુધરો તો તમે સાચા,
નહીંતર ખાલી વડા વાતોનાં કરી ગણાશો કાચા. સાધો !...

મનને માંજી હૃદય પખાળી અજવાળો આતમને,
‘શેલગ’ જેવા પણ ગુરુ પામી પામે ‘પંથગ’ મારગને. સાધો !...

ગુરુ આણામાં માને સબસુખ તેના કરમ અવરુદ્ધો,
નિજનાં દોષ જુએ તે શાણો જાણો શિષ્ય તે શુદ્ધો. સાધો !...

સાધો ! સદ્‌ગુરુ છાંયે રહેજો...

JSBN
SURAJ0002